### લાખ્ખો રૂપિયા ની "સ્ટેમ્પ ડ્યુટી" ચોરી નુ ષડયંત્ર ક્યાંયે દેખાયુ જ નહી !

## દેવગઢ બારીયામાં સરકારી જમીનો પર પ્લોટો પડ્યા!

(પ્રતિનિધિ) દાહોદ તા.28
દે.બારીઆ ના હરણફાળ વિકાસમા "રાજકીય છત્રછાયા" ધરાવતા કેટલાક બિલ્ડરો સરકારી પડતર, ગૌચર જમીનો અને કોમન પ્લોટો ઉપર પણ કબ્જાઓ કરી દેવામાં આવ્યા હોવાની અસંખ્ય સ્ફોટક ફરીયાદોની ચર્ચા વચ્ચે ભેજાબાજ બિલ્ડરો એ જમીન માપણીઓ ના નકશાઓ મા એવા ઉલટફેર ફેરફારો કર્યા છે કે આ નકશાઓ ને જોઈને દાહોદ મહેસૂલી તંત્ર ના સત્તાધીશો પણ આંટાફેરાઓ મારતા થઈ જાય એવા ઘેરા રહસ્યો છુપ થયેલા હોવાનુ કહેવાય છે. દે.બારીઆ ના હાર્દસમા વિસ્તાર મા આવેલ અને એક મૃતપ્રાયઃ બનેલ એક સહકારી ક્ષેત્ર ની જર્જરીત ઈમારત ધરાવતી આ સરકારી પડતર જમીન "સોના ની લગડી' બની જતા કેટલાક વગદાર ભુમાફીયા ચહેરાઓ દવારા આ સરકારી પડતર જમીન નો અંદરખાને ૩ કરોડ ના વ્યાપાર નો ગુપ્ત સોદો કરી ને આ સરકારી પડતર જમીન એક માત્ર સહકારી સંસ્થા ના જર્જરીત મકાન ના સહારે આ જમીન મા બારોબાર રહેણાંક ના પ્લોટો પાડી ને સરકાર ની જંત્રી કરતા અનેક ઘણા નીચા ભાવે એટલે કે "સોના ની લગડી" જેવી જમીન મા તદ્દન મફત ના ભાવે ૬૪ જેટલા પ્લોટો ના વેચાણ દસ્તાવેજો કરી દેવામાં આવ્યા હતા સરકાર ને દેવામાં ડુબાડતા આ ભૂમાફીયા ચહેરાઓ એ સરકારી પડતર જમીન ના કરેલા વ્યાપારો મા પોતાની સંડોવણીઓ "ઓન રેકર્ડ" ઉપર ક્યાંયે બહાર ના આવે આ રીતે અંદાઝે ૭ કરોડ રૂપિયા ઉપરાંત "કાળા બજારી' ના વ્યાપારો કરી ને હાથ ખંખેરીનાખ્યા હતા.પરંતુ દે. બારીઆ મા "સોના ની લગડી" સમાન આ સરકારી પડતર જમીન ના કરાયેલા વ્યાપારો સામે કાયદેસર તપાસો માંગતો મુદ્દો ફરીયાદ સ્વરૂપ મા ઉપસ્થિત થતા દાહોદ કલેક્ટરાય કચેરી ના મહેસૂલી તંત્ર મા જબરદસ્ત ગરમાવો પ્રસરી જવા પામ્યો છે.રેવન્યુ રેકર્ડ ની તપાસો કે ખરાઈ કર્યા વગર અને સરકાર ની એટલે કે વહીવટી તંત્ર ની મંજૂરીઓ વગર ના આ પ્લોટો ના વેચાણ દસ્તાવેજો નો સ્વીકાર કરનારા દે.બારીઆ ના તત્કાલીન સબ રજીસ્ટ્રાર અને ત્યાર બાદ આ વેચાણ નોંધો ને પ્રમાણીત કરનારા તત્કાલીન સમય ના સત્તાધીશો સામે કાયદેસર તપાસો હાથ ધરવામા આવે એવી માંગ કરાઈ છે.

### પંચમહાલ જિલ્લાના સાંસદ રાજપાલસિંહ જાદવની હાજર રહ્યાં

## લો કોલેજ ગોધરા ખાતે ખેલો ઈન્ડિયા સંવાદ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) ગોધરા તા.28
રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે ગોધરાની લો કોલેજ ખાતે પંચમહાલ જિલ્લાના સાંસદ રાજપાલસિંહ જાદવની વિશેષ ઉપસ્થિતિમાં ખેલો ઈન્ડિયા સંવાદ - ખેલ કી બાત PM મોદી કે સાથ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવો અને વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. સાંસદ રાજપાલસિંહ જાદવે યુવાનોના સર્વાંગી વિકાસમાં રમતગમતનું વિશેષ મહત્વ સમજાવ્યું હતું અને વિદ્યાર્થીઓને રમતગમત સાથે જોડાવા માટે પ્રેરિત કર્યા હતા.




આ કાર્યક્રમમાં ખાસ મહેમાન તરીકે ભાજપ મહામંત્રી આદિત્યરાજસિંહ, નેશનલ યુથ આઈકોન દિશાંત મકવાણા અને યુનિવર્સિટીના એન.એસ.એસ. કો-ઓર્ડિનેટર ડો. સંજયભાઈ જોશી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

## દાહોદ સબ જેલમાં રક્ષાબંધન પર્વ ઉજવણી

દાહોદ : રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે દાહોદ સબ જેલ ખાતે માનવતા, ભાઈ-બહેનના સ્નેહ અને પર્યાવરણ જતનનો અનોખો સંદેશ આપતી ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધન પર્વ નિમિત્તે દાહોદ સબ જેલમાં રહેલા સર્વધર્મના બંદિવાનોને તેમની સગી બહેનોએ તથા જે ભાઈને બહેન ન હોય તેઓની માતાએ જેલ ખાતે આવી રાખડી બાંધી ભાઈ-બહેનના પવિત્ર સંબંધની લાગણીસભર ઉજવણી કરી હતી. આ પ્રસંગે જેલના વાતાવરણમાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. આ ઉજવણીને વધુ વિશેષ બનાવતા બંદિવાન ભાઈઓએ જેલની અંદર પોતાના હાથે મીઠાઈ તૈયાર કરી હતી.

## શેઠ પી.ટી. આટ્ર્સ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરામાં નેશનલ સ્પોટ્ર્સ ડે ઉજવણી

(પ્રતિનિધિ) ગોધરા તા.28
ગોધરા સ્થિત શેઠ પી.ટી. આટ્ર્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે કોલેજ કક્ષાએ વિવિધ દેશી રમતોના આયોજન સાથે સ્પોટ્ર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં શારીરિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવાનો અને આપણી પરંપરાગત રમતો પ્રત્યે લગાવ વધારવાનો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એમ.બી. પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, જીવનમાં અભ્યાસની સાથે રમતગમત પણ અત્યંત જરૂરી છે અને આવી દેશી રમતો આપણને આપણી સંસ્કૃતિ સાથે જોડે છે. ત્યારબાદ સાયન્સ વિભાગના અધ્યક્ષ ડૉ. રમાકાંત પંડ્યાએ સ્પર્ધાઓને લીલી ઝંડી આપી પ્રારંભ કરાવ્યો હતો. સ્પોટ્ર્સ ડે નિમિત્તે લીંબુ-ચમચી, લંગડી દોડ, ઝડપી ચાલ, સંગીત ખુરશી, દોરડા કૂદ,



ડોજ બોલ, ખો-ખો, સાતોડિયું, દંડ-બેઠક અને કોથળા દોડ જેવી પરંપરાગત રમતો રમાડવામાં આવી હતી. વિશેષરૂપે, આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓની સાથે કોલેજના સ્ટાફ મિત્રોએ પણ ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધાઓના અંતે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રિન્સિપાલ ડૉ. પટેલ, ડૉ. પંડ્યા, સ્પોટ્ર્સ ડાયરેક્ટર હંસાબેન ચૌહાણ અને કોલેજ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## દાહોદ ખાતે લઘુરૂદ્ર યજ્ઞ યોજાયો

દાહોદ:રામાનંદપાર્કખાતેશિવલિંગનો શણગાર કરાયો હતો પુજા અર્ચના કરવામાં આવી હતી રામાનંદ પાર્ક ના શિવ ભક્તો ના જણાવ્યા અનુસાર ઉપસ્થિત શિવભક્તો તથા દાહોદ પંચમહાલ પંથકના હરિભક્તો ને શ્રી જગદીશદાસજી મહારાજશ્રી એ રામાનંદ પાર્ક ના આ કાર્યે માં ઉપસ્થિત દાહોદ ના લોકલાડીલા પંડીતો દ્વારા મંત્રોચ્ચાર કરી ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી નગરપાલિકા પ્રમુખ મીનાક્ષીબેન નિનામા સહિત નગરસેવકો.સંગઠન ના હોદ્દેદારો સામાજિક આગેવાનો એ વિધિવત મહાદેવ ની પુજા કરી અભિષેક કરી ભોજન પ્રસાદી નો આનંદ માણ્યો હતો અને આશીર્વાદ લીધા હતા.

### ગોધરા કોમર્સ કોલેજ ખાતે

## "ખેલો ઈન્ડિયા સંવાદ - ખેલ કી બાત PM મોદી કે સાથ" કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) ગોધરા તા.28
રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના NSS એકમ દ્વારા "ખેલો ઈન્ડિયા સંવાદ - ખેલ કી બાત PM મોદી કે સાથ" કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંવાદનું લાઈવ પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ યુવાનોના સર્વાંગી વિકાસમાં રમતગમતનું મહત્વ સમજાવી તેમને આ ક્ષેત્રે જોડાવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બીએડ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સુરેશ પરમાર અને અતિથિ વિશેષ તરીકે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના NSS કોર્ડીનેટર ડૉ. સંજયભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ યુવા સંવાદ હતો. જેમાં નેશનલ અને સ્ટેટ



લેવલના સ્થાનિક રમતવીરો જયંત તરબડા, ઋષિકેશ પાંડે, વ્રજ બારીયા અને પ્રિતેશ બારીયાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને રમતગમત ક્ષેત્રની કારકિર્દી, તકો અને પડકારો વિશે માર્ગદર્શન આપ્યું હતું.

### પિતા-માતા, ફોઈ અને પત્નીની કિડની મેચ ન થઈ

## ઝાલોદમાં રક્ષાબંધને બહેને ભાઈને કિડની આપી 'જિંદગી'ની ભેટ અર્પી

(પ્રતિનિધિ) ઝાલોદ તા.28
રક્ષાબંધન એટલે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને અતૂટ લાગણીનું પ્રતિક. સામાન્ય રીતે બહેન ભાઈના કાંડે રાખડી બાંધી તેની લાંબી ઉંમરની પ્રાર્થના કરે છે, પરંતુ ઝાલોદમાં આ રક્ષાબંધને એક બહેને પોતાના ભાઈને અનોખી 'જિંદગીની ભેટ' આપવાનો નિર્ણય કર્યો છે. ભાઈને નવજીવન મળે તે માટે બહેન નાહેદાબેન પોતાની એક કિડની દાન કરશે. ઝાલોદ નગરના લુહારવાડા વિસ્તારમાં રહેતા રહીમભાઈ તાલીના પુત્ર આમીનભાઈ છેલ્લા આશરે દસ વર્ષથી કિડનીની ગંભીર બીમારી સામે ઝઝૂમી રહ્યા છે. વર્ષ 2015થી કિડનીની બીમારીથી પીડાતા આમીનભાઈની કોરોના કાળ દરમિયાન તબિયત વધુ લથડી હતી અને સમય જતાં તેમની બંને કિડની ફેઈલ થઈ ગઈ હતી. પુત્રને બચાવવા પરિવારજનો દ્વારા ગુજરાતની અલગ-અલગ હોસ્પિટલો ખાતે સારવાર કરાવવામાં આવી હતી. કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે પરિવારના સભ્યોમાં પિતા, માતા, ફોઈ તેમજ આમીનભાઈની પત્નીએ કિડની દાન કરવાની તૈયારી દર્શાવી હતી. જોકે, મેડિકલ ટેસ્ટ બાદ કોઈની કિડની આમીનભાઈ સાથે મેચ થઈ ન હતી. જેના કારણે પરિવારની ચિંતા સતત વધી રહી હતી. આ દરમિયાન આમીનભાઈની બહેન નાહેદાબેન ભાઈ માટે કિડની દાન કરવા આગળ આવી હતી. જરૂરી મેડિકલ ટેસ્ટ કરાવવામાં આવતા નાહેદાબેનની કિડની ભાઈ આમીનભાઈ સાથે મેચ થઈ હોવાનું સામે આવ્યું હતું. લાંબા સમય બાદ પરિવારને રાહતના સમાચાર મળતાં ખુશી છવાઈ ગઈ હતી. જરૂરી સરકારી, કાનૂની અને તબીબી પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં વડોદરા ખાતે આમીનભાઈનું કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.

### 'મારી દીકરી નાહેદાએ ભાઈને માત્ર રાખડી નહીં, જિંદગી આપી'

આમીનભાઈના પિતા રહીમભાઈ તાલીએ જણાવ્યું કે, "મારો દીકરો ઘણા વર્ષોથી કિડનીની બીમારીથી પીડાઈ રહ્યો છે. તેને બચાવવા પરિવારના અનેક સભ્યો કિડની આપવા તૈયાર થયા, પરંતુ રિપોર્ટ મેચ થયા નહીં. અંતે મારી દીકરી નાહેદાબેને ભાઈ માટે પોતાની કિડની આપવાનો નિર્ણય કર્યો. તેની કિડની મેચ થઈ હોવાની જાણ થતાં અમારી આંખોમાં ખુશીના આંસુ આવી ગયા. એક પિતા તરીકે દીકરી માટે મને ગર્વ છે."

### મુસ્લિમ ઘાંચી સમાજ ઝાલોદએ પણ બહેનના ત્યાગને બિરદાવ્યો

ઝાલોદ મુસ્લિમ ઘાંચી સમાજના પ્રમુખ રાજુભાઈ કમાલે જણાવ્યું હતું કે નાહેદાબેનનો નિર્ણય સમગ્ર સમાજ માટે ગૌરવ અને પ્રેરણાની વાત છે. રક્ષાબંધનના પવિત્ર પર્વે ભાઈનું જીવન બચાવવા બહેને કરેલો આ ત્યાગ ભાઈ-બહેનના સંબંધની સાચી ભાવનાને ઉજાગર કરે છે. નાહેદાબેનનો નિઃસ્વાર્થ નિર્ણય સમાજને માનવતા, પરિવાર પ્રત્યેની જવાબદારી અને અંગદાનનો સંદેશ આપે છે. રાખડીનો દોરો તો કાંડે બંધાય છે, પરંતુ નાહેદાબેને પોતાના ભાઈના જીવન સાથે પ્રેમ અને ત્યાગનો એવો સંબંધ બાંધ્યો છે, જે હંમેશાં યાદ રહેશે.

### "હવે પછી અમારૂ નામ લઈશ તો જાનથી મારી નાખીશું" એવી ધમકી ઉચ્ચારી

## કાલોલના મલાવ ચોકડી પાસે પ્રેમસંબંધના વિવાદમાં પતિ પર પાઈપ વડે હુમલો કરાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.28
કાલોલ તાલુકાના મલાવ ચોકડી નજીક દોલતપુરા રોડ પર પ્રેમસંબંધની આશંકા અને તકરારને કારણે એક યુવક પર લોખંડની પાઈપ અને ગડદાપાટુ વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં યુવકને કપાળ, સાથળ અને હાથે ગંભીર ઈજાઓ પહોંચી છે. બનાવ અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં સંજયભાઈ ઉર્ફે ટેમુ સોલંકી અને તેના એક અજાણ્યા સાથીદાર સામે ગુનો નોંધવામાં આવ્યો છે.
મળતી વિગતો અનુસાર, મલાવ ગામના ભદર ફળીયામાં રહેતા ૩૫ વર્ષીય જયેશકુમાર કિરણભાઈ રાઠોડ (ધંધોઃ મજૂરી) નાઓની પત્ની મીનાબેનને ગોકળપુરા ગામના સંજયભાઈ ઉર્ફે ટેમુ ઉદેસિંહ સોલંકી સાથે છેલ્લા ત્રણેક વર્ષથી આડા સંબંધો હતા. તારીખ ૨૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે જયેશકુમારે તેની પત્નીને સંજય સાથે ખેતરમાં વાત કરતી જોઈ જતાં ઘરે લાવીને ઠપકો આપ્યો હતો. જે બાદ પત્ની ઘરેથી નીકળી ગઈ હતી.સાંજના આશરે ૬:૩૦ વાગ્યાના અરસામાં જયેશકુમાર પોતાની પત્નીની શોધખોળ કરતા મલાવ ચોકડીથી દોલતપુરા ગામ તરફ જતા રોડ પર પહોંચ્યા હતા. ત્યાં તેમની પત્ની એક અલ્ટો ગાડી પાસે ઉભા રહી સંજય સોલંકી સાથે વાતચીત કરી રહી હતી. જયેશકુમારે સંજય સાથે ફરી વાત કરવા બાબતે વિરોધ દર્શાવતા, સંજય સોલંકી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલી ઝપાઝપી કરી ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો.
દરમિયાન, અલ્ટો ગાડીમાં બેસેલા બીજા એક અજાણ્યા શખ્સે ગાડીમાંથી લોખંડની પાઈપ કાઢી જયેશકુમાર પર હુમલો કર્યો હતો. હુમલામાં જયેશકુમારને ડાબા પગના સાથળ, ડાબા હાથના કાંડા અને કપાળના ભાગે લોહી નીકળે તેવી ગંભીર ઈજાઓ થઈ હતી. બંને આરોપીઓએ યુવકને "હવે પછી અમારૂ નામ લઈશ તો જાનથી મારી નાખીશું" એવી ધમકી આપી અલ્ટો ગાડીમાં ફરાર થઈ ગયા હતા.

## ગાંગરડી ખાતે મોતિયાના મફત ઓપરેશન કેમ્પ યોજાશે

દાહોદ : દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ દાહોદ દ્વારા ગાંગરડી ના સમાજસેવી શ્રી ગજેન્દ્રભાઈ કચરાજી પંચાલ ના સાથ સહકાર થી તા.૩૧વાર સોમવાર સ્થળ સરકારી દવાખાના ગાંગરડી ખાતે સવાર ના 9-00 થી 1 વાગ્યા સુધિ મોતિયાના મફત ઓપરેશન કેમ્પનુ આયોજન કરાયું. ૯ થી ૧ વાગ્યાથી વાગ્યા સુધી સરકારી દવાખાના ગાંગરડી ખાતે મોતિયાના મફત તપાસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે આ નેત્રયજ્ઞ દાહોદ જિલ્લા અને ગરબાડા ગાંગરડી શહેર અને આસપાસના ગામોના ગરીબ અને જરૂરિયાતવાળા લોકો લાભ લે તે માટે અભિયાન હાથ ધરાયું છે.

## કાલોલ તાલુકાની 'શી ટીમે' વૃદ્ધાશ્રમમાં રક્ષાબંધન ઉજવી

(પ્રતિનિધિ) કાલોલ તા.28
પવિત્ર રક્ષાબંધન પર્વ નિમિત્તે પંચમહાલ જિલ્લાના કાલોલ પોલીસ સ્ટેશનની 'શી ટીમ' દ્વારા એક પ્રશંસનીય અને સંવેદનશીલ પહેલ કરવામાં આવી હતી. કાલોલ તાલુકાના ડેરોલ સ્થિત પાંડુ રોડ પર આવેલા 'દિવ્ય ચેરિટેબલ ટ્રસ્ટ' સંચાલિત 'આપણું ઘર વૃદ્ધાશ્રમ' ખાતે પહોંચીને શી ટીમની મહિલા પોલીસકર્મીઓએ વડીલો અને સિનિયર સિટીઝન્સ સાથે રક્ષાબંધનની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરી હતી.પરિવારથી દૂર રહીને વૃદ્ધાશ્રમમાં જીવન વિતાવતા



વડીલોને તહેવારના દિવસે એકલતા ન સાલે તેવા ઉમદા હેતુથી શી ટીમના સભ્યો વૃદ્ધાશ્રમ પહોંચ્યા હતા.રાખડી મીઠાઈ વિતરણ મહિલા પોલીસકર્મીઓએ વૃદ્ધાશ્રમના વડીલોના કાંડા પર સ્નેહનું પ્રતીક એવી રાખડી બાંધી, કુમકુમ તિલક કરી દીર્ઘાયુની પ્રાર્થના કરી હતી.

### અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

## કાલોલ ખાતે વિનાયક હોસ્પિટલ આગળથી મોટર સાયકલની ચોરી

(પ્રતિનિધિ) કાલોલ તા.28
કાલોલ સ્થિત વિનાયક હોસ્પિટલ આગળ પાર્ક કરેલી એક મોટર સાયકલની અજાણ્યા ઈસમ દ્વારા ચોરી કરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે હાલોલના વેપારી નૈમેશ ચીમનલાલ શાહે કાલોલ પોલીસ મથકે અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.
મળતી માહિતી મુજબ, ફરિયાદી નૈમેશ શાહ (રહે. અક્ષર ગ્રીન-૧, કંજરી રોડ, હાલોલ) ના પુત્ર ડૉ. નિસર્ગ શાહ કાલોલ વિનાયક હોસ્પિટલ ખાતે ફરજ બજાવે છે. તારીખ ૨૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૬:૩૦ વાગ્યે ડૉ. નિસર્ગ પોતાના પિતાની હોન્ડા કંપનીની એસ.પી.૧૨૫ મોટર સાયકલ (નંબરઃ GJ-17-CN-6222) લઈને હોસ્પિટલ આવ્યા હતા. તેમણે બાઈક હોસ્પિટલની બહાર સ્ટીયરીંગ લોક કરીને પાર્ક કરી હતી.
બીજા દિવસે (૨૩ ઓગસ્ટ ૨૦૨૬) સવારે સાતેક વાગ્યે તપાસ કરતા પાર્કિંગ કરેલી જગ્યા પરથી મોટર સાયકલ ગાયબ મળી આવી હતી. આસપાસના વિસ્તારમાં તેમજ કાલોલ બજારમાં સઘન શોધખોળ કરવા છતાં બાઈકની કોઈ ભાળ મળી નહોતી.
અંતે, રૂ. ૩૫,૦૦૦ ની કિંમત ધરાવતી મોટર સાયકલની ચોરી થઈ હોવાની ખાતરી થતાં નૈમેશભાઈએ કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ગોધરા તાલુકાના ટુવા પાસે હાઇવે પરથી ઝડપી પડાયા

## દેશી તમંચા અને જીવતા કારતુસ સાથે ત્રણ શખ્સને આબાદ ઝડપ્યા

(પ્રતિનિધિ) ગોધરા તા.28
ગોધરા એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે ગોધરા તાલુકાના ટુવા ગામ નજીક હાઈવે પર આવેલા હરપ્રિત ઢાબાના પાર્કિંગમાં દરોડો પાડીને એક અલ્ટો કારમાંથી ત્રણ શખ્સોને ગેરકાયદેસર દેશી તમંચા અને જીવતા કારતુસ સાથે ઝડપી પાડ્યા છે. પકડાયેલા ત્રણેય ઈસમો સામે કાંકણપુર પોલીસ મથકે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે હરપ્રિત ઢાબાના પાર્કિંગમાં ઉભેલી અલ્ટો કારની તલાશી લેવામાં આવી હતી. કારમાં બેઠેલા ત્રણ ઈસમો પાસેથી દેશી હાથ બનાવટનો એક તમંચો અને ત્રણ જીવતા કારતુસ મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૭,૦૦૦ની કિંમતનો તમંચો, રૂ. ૬૦૦ની કિંમતના કારતુસ, રૂ. ૩૦,૦૦૦ની



કિંમતના ત્રણ મોબાઈલ ફોન અને રૂ. ૧ લાખની અલ્ટો કાર મળીને કુલ રૂ. ૧,૩૭,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ હથિયારના કેસમાં પકડાયેલા આરોપીઓની ઓળખ અક્ષયકુમાર અરવિંદસિંહ ચૌહાણ રહે. મંદીર ફળીયુ, વિંઝોલ, તા.ગોધરા, ચિરાગકુમાર નરવતસિંહ ચૌહાણ રહે. કાંકણપુર, તા.ગોધરા અને સુરપાલકુમાર ગોપાલસિંહ ચૌહાણ રહે. નવાઘરા, વિંઝોલ, તા.ગોધરા તરીકે થઈ છે.

## કાલોલ ખાતે યજ્ઞોપવીત ધારણ કાર્યક્રમ સંપન્ન

(પ્રતિનિધિ) ગોધરા તા.28
કાલોલ ખાતે આવેલ પવિત્ર શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં સ્થાનિક ભૂદેવો દ્વારા સમૂહ નૂતન યજ્ઞોપવીત (જનોઈ) ધારણ કરવાનો એક ભવ્ય અને ધાર્મિક કાર્યક્રમ શ્રદ્ધાપૂર્વક યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભૂદેવોએ વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે નવીન યજ્ઞોપવીત ધારણ કરી હતી. આ પવિત્ર ધાર્મિક પ્રસંગે બ્રહ્મસમાજ દ્વારા સામાજિક સંવેદના અને માનવતાનું પણ



ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. પાડોશી દેશ નેપાળમાં તાજેતરમાં સર્જાયેલી ભયંકર કુદરતી હોનારતમાં જીવ ગુમાવનાર નિર્દોષ લોકોના આત્માની શાંતિ માટે વિશેષ શાંતિપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું.

### કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. નીતિન ધમસાણિયાએ ભારે જહેમત ઉઠાવી

## કાંકણપુરની કોટેચા કોલેજમાં સંસ્કૃત સપ્તાહ અંતર્ગત સંસ્કૃત પઠન કાર્યક્રમ યોજાયો

શ્રી જે.એલ.કે. કોટેચા આટ્ર્સ એન્ડ શ્રીમતી એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજ કાંકણપુર ખાતે સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત સંસ્કૃત પઠન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનું શુદ્ધ પઠન અને ઉચ્ચારણ કેવી રીતે કરવું તેની સચોટ સમજ પૂરી પાડવાનો હતો. આ પ્રસંગે ડૉ. ઉષાબેન પટેલ અને ડૉ. જે.એલ. પટેલે સંસ્કૃત શ્લોકોનું સુંદર ગાન કર્યું હતું, જ્યારે ડૉ. એસ.એસ. રખિયાણિયાએ શાસ્ત્રોક્ત સ્વરાંકનો સાથે વેદમંત્રોનું પઠન કર્યું હતું. વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહભેર ભાગ લઈ સંસ્કૃત વાર્તાઓનું પઠન કર્યું હતું. કાર્યક્રમમાં કોલેજના તમામ અધ્યાપકોએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કોલેજના આચાર્ય શ્રી જગદીશભાઈ પટેલે ખાસ હાજર



રહી સૌને માર્ગદર્શન અને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ઉષાબેન પટેલે કર્યું હતું અને અંતમાં આભારવિધિ ડૉ. જુઈ ઉપાધ્યાયે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. નીતિન ધમસાણિયાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સુંદર આયોજન બદલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મૌલિનભાઈ શાહે સમગ્ર ટીમને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.